# ‘ગઝવા-એ-હિંદ’ સ્થાપવાના કાવતરાનો પર્દાફાશ, બે કટ્ટરપંથીની ધરપકડ

**ગુજરાત** એટીએસની ટીમે સિદ્ધપુરથી ઈરફાન પઠાણ અને મુંબઈના સાકીનાકાથી મુર્શીદ શેખને ઝડપી પાડ્યા

**ફેસબુક** તેમજ ઇન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ દ્વારા યુવાનોને ગેરમાર્ગે દોરવતા

ગાંધીનગરઃ ગુજરાત ત્રાસવાદ વિરોધી સ્કવોર્ડ (ATS) એ સોશિયલ મીડિયા દ્વારા દેશવિરોધી પ્રવૃત્તિઓ ચલાવતા અને ભારતમાં ઈસ્લામિક શાસન એટલે કે ‘ગઝવા-એ-હિંદ’ સ્થાપવાનું કાવતરું ઘડતા બે કટ્ટરપંથી યુવકની ધરપકડ કરી છે. આ બંને કટ્ટપંથી યુવકો પ્રતિબંધિત આતંકી સંગઠન ISIS અને અન્ય વિદેશી હેન્ડલર્સ સાથે સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે. એટીએસની ટીમ સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર ચાલી રહેલી શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે પાટણ જિલ્લાના સિદ્ધપુરનો રહેવાસી ઈરફાન ખાન પઠાણ ઈસ્લામિક કટ્ટરપંથી વિચારધારા ધરાવે છે અને ફેસબુક તેમજ ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ દ્વારા યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યો છે.

### મુંબઈથી બીજા આરોપીની ધરપકડ

ઇ ર ફાનની પૂછપરછ બાદ તેના સા ગ રીત મુર્શીદ શેખનું નામ ખુલ્યું હતું, જે મુંબઈના સાકીનાકા વિસ્તારમાં રહે છે. ગુજરાત ATS એ મહારાષ્ટ્ર પોલીસની મદદથી મુર્શીદની અટકાયત કરી હતી. તેની પાસેથી પણ દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આયોજન અંગેની ચેટ્સ મળી આવી છે.

### આતંકી સંગઠનો સાથે કનેક્શન અને ખતરનાક ઈરાદા

તપાસ દરમિયાન ઇરફાનના મોબાઈલમાંથી વાંધાજનક સાહિત્ય મળી આવ્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે ●સોશિયલ મીડિયા દ્વારા ISIS અને અન્ય વિદેશી કટ્ટરપંથી તત્વો સાથે જોડાયેલો હતો. ● મુખ્ય હેતુ ભારતમાં હિંસા ફેલાવી લોકતાંત્રિક સરકાર સામે સશસ્ત્ર બળવો કરી ‘ગઝવા-એ-હિંદ’ સ્થાપવાનો હતો.● RDX અને અન્ય વિસ્ફોટકો દ્વારા બોમ્બ બનાવવાની તાલીમ મેળવવા માટે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જવાની પેરવીમાં હતો.● ભારતીય નેતાઓ અને સંસ્થાઓ (જેમ કે RSS) ને નિશાન બનાવવાની યોજના ધરાવતો હતો.

### ધરપકડ કરાયેલા આરોપીઓની વિગત

● ઇરફાનખાન કાલેખાન પઠાણ (ઉં.વ.૨૨, રહે., અમૃતપાર્ક સોસાયટી, જે.પી. મીલ, સિદ્ધપુર, જી. પાટણ.) ● મુર્શીદ ઝાહિદઅખ્તર શેખ (ઉં.વ.૨૧, રહે., સાકીનાકા, મુંબઈ (વ્યવસાયે ચિકન બિરયાનીની હોટલ ચલાવે છે). ગુજરાત એટીએસ દ્વારા આ બંને આરોપીના ૧૧ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આ કાવતરામાં અન્ય કેટલા લોકો સામેલ છે અને ફંડિંગ ક્યાંથી આવતું હતું તે દિશામાં હાલ ઊંડી તપાસ ચાલી રહી છે.

# અમદાવાદની વધુ એક શાળામાં વિદ્યાર્થી પર હિંસક હુમલો

**ઈસનપુર** પબ્લિક સ્કૂલમાં પરીક્ષા બાદ થયેલી બોલાચાલી હિંસામાં ફેરવાઈ

**મિત્રને** બચાવવા પડેલા વિદ્યાર્થીને પરિકર વાગતાં દ્રષ્ટિ ગુમાવવાનો ભય

અમદાવાદઃ અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં આવેલી ઈસનપુર પબ્લિક સ્કૂલમાં ધોરણ-8ના વિદ્યાર્થી પર અન્ય વિદ્યાર્થી દ્વારા કરાયેલા હુમલાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ થયેલી સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં એક વિદ્યાર્થીને આંખમાં ગંભીર ઈજા પહોંચી છે.

આ અંગે માહિતી મુજબ શહેરના ઈસનપુર વિસ્તારમાં આવેલી ઈસનપુર પબ્લિક સ્કૂલમાં ગઈકાલે સોમવારે સવારે આશરે 11:30 વાગ્યે પેપર પૂર્ણ થયા બાદ ધોરણ-8માં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો.

આ દરમિયાન ત્રીજો વિદ્યાર્થી મિત્રને બચાવવા વચ્ચે પડતા ઉશ્કેરાયેલા વિદ્યાર્થીએ પરિકર વડે હુમલો કરતાં તે વિદ્યાર્થીની આંખમાં ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાના કારણે તેને દેખાતું બંધ થઈ ગયું હોવાનું જણાવાયું છે.

આ ઘટનાના પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે એલજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

ઘટનાની જાણ થતાં નારોલ પોલીસ તાત્કાલિક શાળાએ પહોંચી હતી અને મામલાની તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાક્રમ અંગે વિગતો મેળવી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ ઘટનાએ શહેરમાં શાળાઓની સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. માતા-પિતા અને સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. નોંધનીય છે કે, અગાઉ પણ અમદાવાદની સેવન્થ-ડે શાળામાં થયેલી હિંસક ઘટનામાં વિદ્યાર્થીના મોતની ઘટના સામે આવી હતી. શહેરની શાળાઓમાં વધી રહેલી આવી હિંસક ઘટનાઓને લઈને શિક્ષણ વ્યવસ્થામાં સુરક્ષા અને શિસ્તના પ્રશ્નો વધુ પેચિદો બન્યો છે.

## ફિક્સ પગારના કર્મચારીઓને લઘુતમ વેતન ચૂકવવા ગુજરાત હાઈકોર્ટનો હુકમ

અમદાવાદઃ રાજ્યમાં વર્ષોથી માત્ર 2500 રૂપિયાના ફિક્સ પગાર પર ફૂલ ટાઈમ કામ કરતાં કર્મચારીઓ માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્ત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. જિલ્લા પંચાયત હેઠળ કામ કરતાં કોમ્પ્યુટર ઓપરેટર અને ડ્રાઈવરોને લઘુતમ વેતન આપવાનો હાઈકોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો છે.

વર્ષોથી ફૂલ ટાઈમ ફરજ બજાવતા હોવા છતાં તેમને પાર્ટ ટાઈમ ગણાવીને માત્ર 2500 રૂપિયાનું ફિક્સ વેતન આપવામાં આવતું હોવાથી કર્મચારીઓએ હાઈકોર્ટમાં કરેલી અરજીની સુનાવણીમાં હાઈકોર્ટએ નોંધ્યું છે હતુ કે અરજદારો “કેટેગરી-3”માં આવે છે, જેમાં 29 દિવસ કામ લેવાય છે અને 1 દિવસનો કૃત્રિમ બ્રેક આપવામાં આવે છે.

# રાજ્યમાં હીટવેવ જેવી સ્થિતિ: 2-3 ડિગ્રી વધારાની શક્યતા

**ગુજરાતમાં** ગરમીનો કહેરઃ રાજકોટ અને અમરેલીમાં આજે ગરમીનો પારો 41 ડિગ્રીએ પહોંચી ગયો

અમદાવાદઃ ગુજરાતમાં ગરમીનો પારો ફરી ચઢ્યો છે અને આગામી દિવસોમાં પણ ગરમીમાંથી રાહત મળવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. હવામાન વિભાગના તાજા આંકડાઓ મુજબ રાજ્યના અનેક શહેરોમાં ઊંચું મહત્તમ તાપમાન નોંધાયું છે, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું છે.રાજકોટ અને અમરેલીમાં આજે ગરમીનો પારો 41 ડિગ્રીએ પહોચી ગયો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, ભૂજમાં 39 ડિગ્રી સેલ્સિયસ, નલિયામાં 35 ડિગ્રી, કંડલા પોર્ટ પર 36 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમરેલી અને રાજકોટમાં ગરમીનો પારો 41 ડિગ્રી સુધી પહોંચ્યો હતો, જ્યારે સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી નોંધાયું હતું.

# મધ્ય પ્રદેશનાં વનવાસીઓ કેન-બેટવા નદીઓને જોડવાનો કેમ વિરોધ કરી રહ્યાં છે?




ટુ ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

જો જંગલ વિસ્તારમાં વિકાસની કોઈ યોજનાનો અમલ થતો હોય તો તેનો સૌથી વધુ ફાયદો જંગલમાં અથવા તેની નજીક રહેતાં લોકોને થવો જોઈએ. જો તેમને ખરેખર ફાયદો થતો હોય તો તેઓ તે યોજનાનો વિરોધ કરે તે સંભવિત નથી; પણ વનવાસીઓ કોઈ યોજનાનો વિરોધ કરે ત્યારે સમજી લેવું કે યોજનાનો ફાયદો કોઈ બીજાને થવાનો છે. મધ્ય પ્રદેશમાં આવેલી કેન અને બેટવા નદીને જોડવાની યોજનાનો હાલમાં ત્યાંના વનવાસીઓ દ્વારા પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે. કેટલાંક વનવાસીઓ આ યોજનાના વિરોધમાં આમરણ અનશન ઉપર ઊતર્યાં છે. વિરોધ કરવા માટે તેમણે નદીની વચ્ચે જ પોતાની ઠાઠડીઓ બનાવી છે અને તેમની ઉપર સૂઈ ગયા છે. આ વિરોધ એટલો પ્રચંડ છે કે સરકારને ધૌદાન ગામ નજીક ચાલતું બંધનું કામ બંધ રાખવાની ફરજ પડી છે.

મધ્ય પ્રદેશમાં આવેલી કેન અને ઉત્તર પ્રદેશમાં આવેલી બેટવા બે નદીઓ છે. આ નદીઓ આગળ જતાં ચંબલ નદીને મળે છે અને ચંબલ નદી યમુનાને જઈ મળે છે. ભારત સરકારના કેન-બેટવા લિંક પ્રોજેક્ટ વિશે ચર્ચાઓ સૌ પ્રથમ ૧૯૯૫ માં શરૂ થઈ હતી અને તેની અંતર્ગત ધૌદાન ગામે મોટો બંધ બાંધવાનું નક્કી થયું હતું. મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશની સરકારે ૨૦૦૫માં એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ, ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ નદી જોડાણ પ્રોજેક્ટ પર આશરે ૪૪,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આનાથી મધ્યપ્રદેશના છતરપુર અને પન્ના જિલ્લાનાં ૨૧ ગામો ડૂબી જશે. અંદાજે ૭,૦૦૦ પરિવારો વિસ્થાપિત થશે. ભારત સરકારના દાવા મુજબ ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના આશરે ૧૩ જિલ્લાઓને કેન-બેટવા લિન્ક પ્રોજેક્ટનો લાભ મળશે. તેમાં ૧૧ લાખ હેક્ટર જમીનને સિંચાઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે, ૬૨ લાખ લોકોને પીવાનું પાણી મળશે અને વધુમાં ૧૦૦ મેગાવોટથી વધુ વીજળી ઉત્પન્ન થશે, તેવો સરકારનો દાવો છે. તેની સામે જે ૭,૦૦૦ પરિવારો વિસ્થાપિત થવાનાં છે, તેમની જિંદગી પાયમાલ થઈ જવાનો ભય છે.

છતરપુર જિલ્લાના ધૌદાન ગામમાં ૨૦ વર્ષીય બબીતા, તેનો પરિવાર અને એક ડઝનથી વધુ ગામોનાં હજારો રહેવાસીઓ છેલ્લા ૧૨ દિવસથી વિરોધ કરી રહ્યા છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી લગભગ ૪૫૦ કિલોમીટર દૂર કેન નદીના કિનારે બેઠેલી ૨૦ વર્ષીય બબીતા આહિરવાર કહે છે કે અમને ઘરના બદલામાં ઘર, જમીનના બદલામાં જમીન અને ગામડાંના બદલામાં ગામ જોઈએ છે. ૧૭ એપ્રિલના રોજ વિરોધ કરી રહેલાં ગ્રામજનો અને વહીવટી અધિકારીઓ વચ્ચેની વાતચીત બાદ વિરોધ ૧૦ દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યો હોવા છતાં ગ્રામજનો કહે છે કે જો ૧૦ દિવસમાં કોઈ ઉકેલ નહીં આવે તો તેઓ વધુ મોટા પાયે વિરોધ શરૂ કરશે. તેમનો આરોપ છે કે વિસ્થાપન માટે તેમને જે વળતર મળી રહ્યું છે તે પૂરતું નથી અને તેમને જે વળતર મળી રહ્યું છે તેના માટે પણ તેમની પાસેથી લાંચ માંગવામાં આવી રહી છે. છતરપુર જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે કેન-બેટવા પ્રોજેક્ટથી પ્રભાવિત લોકો હાલમાં બાંધકામમાં વિક્ષેપ પાડી રહ્યાં છે. વળતરવિતરણ અંગે ગ્રામજનોની કોઈ પણ ફરિયાદનો ઉકેલ લાવવા વહીવટીતંત્ર તૈયાર છે. અત્યાર સુધીમાં અમે ૬૫૦-૭૦૦ કરોડ રૂપિયાના વળતરનું વિતરણ કર્યું છે. જો કે, વિરોધ કરી રહેલાં ગ્રામજનોનો આરોપ છે કે વહીવટી અધિકારીઓ તેમનો સંપર્ક પણ કરી રહ્યા નથી.

જો કે, બબીતા માટે ભવિષ્યનાં વચનો કરતાં આજના જીવનની ચિંતાઓ વધુ મહત્ત્વની છે. બબીતાએ કહ્યું કે જો અમે આજે આ જમીન છોડી દઈશું, તો અમારી પાસે કંઈ જ નહીં રહે. સરકારે અમારાં ઘરની કિંમત માત્ર ૪૦,૦૦૦ રૂપિયા આંકી છે. અમને જમીન માટે કોઈ ચુકવણી મળી નથી. અમારા તાત્કાલિક વિસ્થાપન માટે અમને કોઈ રાહત પૈસા પણ મળ્યા નથી. અમે અહીંથી ક્યાં જઈશું? ગ્રામજનોની ભીડમાં ઊભા રહીને ૪૨ વર્ષીય સુન્નીબાઈ આહિરવાર કહે છે કે અમે બધું જ છોડવા તૈયાર છીએ. સરકાર અમારાં ઘર, જમીન, ગામ છીનવી શકે છે, પરંતુ પહેલાં અમને કહો કે અમારે ક્યાં જવું જોઈએ. અમે મતદાન કરીને સરકાર બનાવી છે. હવે અમે ૧૦ દિવસથી અમારાં નાનાં બાળકો સાથે આ તડકામાં બેઠાં છીએ, પરંતુ કોઈ અમારી સાથે વાત કરવા પણ તૈયાર નથી. સુન્નીબાઈ કહે છે કે તેમના પરિવારમાં છ લોકો છે, જેમાંથી કોઈને પણ વળતર મળ્યું નથી. અમે અમારી જીવનભરની બચતના ૧૦ લાખ રૂપિયાનું રોકાણ કરીને અમારું ઘર બનાવ્યું છે. જ્યારે સરકારે તે ઘરની કિંમત નક્કી કરી, ત્યારે તેમણે અમને ૪ લાખ રૂપિયા આપ્યા છે. હવે જો અમે આ ગામની બહાર જઈને ક્યાંય પણ જમીન ખરીદીશું, તો ઓછામાં ઓછા ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે. તો પછી અમે તેના પર ઘર કેવી રીતે બનાવીશું? કે શું સરકાર ઇચ્છે છે કે અમે ખાડો ખોદીને તેમાં રહીએ? આવી જ કથા વિસ્થાપિત થનારાં ૭,૦૦૦ પરિવારોની છે.

કેન-બેટવા નદીજોડાણ પ્રોજેક્ટ લાંબા સમયથી પ્રશ્નોથી ઘેરાયેલો છે. પ્રોજેક્ટની શરૂઆતથી ગ્રામજનોએ વિસ્થાપનનો ડેટા એકત્રિત કરવાની પદ્ધતિઓ પર પ્રશ્ન ઉઠાવ્યા છે. ગામલોકોનો આરોપ છે કે વળતરની રકમ મેળવવા માટે જુદા જુદા અધિકારીઓ તેમની પાસેથી લાંચ માંગી રહ્યા છે. ધૌદાન ગામના તુલસી આદિવાસીએ કહ્યું કે સરકારે મારા ઘર માટે ૪૬,૦૦૦ રૂપિયાની કિંમત જણાવી હતી. મને ખબર નથી કે મેં તે મેળવવા માટે સરકારી કચેરીઓ અને અધિકારીઓની કેટલી વાર મુલાકાત લીધી છે. મને પૈસા મળ્યા નથી. ઘણાં લોકો એવાં છે જેમણે લાંચ આપીને વળતરના પૈસા લીધા છે. આ પ્રોજેક્ટથી પ્રભાવિત પાલકુહાન ગામના ભૂતપૂર્વ સરપંચ ૬૬ વર્ષીય ચુરાએ આરોપ લગાવ્યો કે ગ્રામ સચિવ, તહસીલદાર, પટવારી અને અન્ય અધિકારીઓ વળતરના નામે ખુલ્લેઆમ લાંચ માંગી રહ્યા છે. અમે અમારા હકના પૈસામાંથી એક પૈસો પણ આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. સરકાર પહેલાંથી જ વળતરના નામે અમને ખૂબ જ ઓછી રકમ આપી રહી છે. જો અમે તેમાં પણ લાંચ આપીશું, તો અમારી પાસે શું બચશે?

કેન-બેટવા પ્રોજેક્ટ હેઠળ ધૌદાન ગામમાં બાંધવામાં આવી રહેલા બંધનું કામ છેલ્લા ૧૨ દિવસથી સંપૂર્ણપણે બંધ છે. આ પ્રોજેક્ટથી માત્ર વળતર અને વિસ્થાપનના મુદ્દાઓ જ નહીં પરંતુ પર્યાવરણીય ચિંતાઓ પણ ઊભી થઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે પન્ના ટાઇગર રિઝર્વ સહિત નજીકના સંરક્ષિત વિસ્તારોને અસર કરશે અને મોટી સંખ્યામાં વૃક્ષો કાપવામાં આવશે અથવા ડૂબી જશે તેવી શક્યતા છે. ૨૦૧૯ માં સુપ્રીમ કોર્ટની એક સમિતિએ અહેવાલ આપ્યો હતો કે પ્રોજેક્ટમાં પન્ના ટાઇગર રિઝર્વ પર તેની સંભવિત અસર પર પૂરતો વિચાર કરવામાં આવ્યો નથી. આ મામલો નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ સમક્ષ પણ પેન્ડિંગ છે. પર્યાવરણવિદ્ અમિત ભટનાગર પણ આ ચળવળનો એક ભાગ છે. અમિત કહે છે કે શરૂઆતમાં ગ્રામજનો આ પ્રોજેક્ટનો જ વિરોધ કરતા હતા, પરંતુ ધીમે ધીમે તેમનો વિરોધ વિસ્થાપનમાં ગંભીર અનિયમિતતાઓ તરફ વળી ગયો છે. લોકોનાં ઘરો અને જમીનની કિંમત માત્ર થોડા હજાર રૂપિયા આંકવામાં આવી હતી.

સરકાર એ સમજવા માંગતી નથી કે વિસ્થાપન ફક્ત ઘર બદલવા વિશે નથી. એક આખો સમુદાય, સમાજ અને ઇકોસિસ્ટમ નાશ પામે છે. આવી સ્થિતિમાં સરકારે અસરગ્રસ્ત લોકો પ્રત્યે થોડું સંવેદનશીલ રહેવું જોઈએ, જે બિલકુલ નથી. તેના બદલે તે બળનો ઉપયોગ કરીને કામ પૂર્ણ કરવા માંગે છે. રસપ્રદ વાત એ છે કે જે લોકોને પોતાનાં ઘર, ગામ અને જમીન છોડીને બીજે ક્યાંક જવાની ફરજ પડી છે, તેમનું જીવન અત્યાર સુધી મૂળભૂત સુવિધાઓથી પણ વંચિત રહ્યું છે. હવે આ પ્રોજેક્ટ શરૂ થયા પછી તેઓ અસ્તિત્વ ટકાવી રાખવાના પડકારનો સામનો કરી રહ્યા છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**આ પ્રોજેક્ટ પર આશરે ૪૪,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આનાથી મધ્ય પ્રદેશના છતરપુર અને પન્ના જિલ્લાનાં ૨૧ ગામો ડૂબી જશે. અંદાજે ૭,૦૦૦ પરિવારો વિસ્થાપિત થશે**

## BUSINESS મિત્ર

### નિફ્ટી વીકલી એક્સપાયરીએ એફએમસીજી, રિયલ્ટી અને પ્રાઇવેટ બેન્ક શેરો વેચાણ કપાતા વધ્યા

# સેન્સેક્સ 753 પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટી 24550ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 21:** ઈરાન-અમેરિકા વચ્ચેની સંભવિત શાંતિ વાટાઘાટો અંગેના આશાવાદને ટેકો આપીને ત્રીજા સેશનમાં ભારતીય શેરબજારમાં સુધારાની ચાલ જોવા મળી હતી. ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો કરીને રોકાણકારોના સેન્ટિમેન્ટને સમર્થન મળ્યું હતું. દરમ્યાન બજારના સહભાગીઓએ સંકેતો માટે વૈશ્વિક વિકાસને ટ્રેક કરતી વખતે ચોથા કવાર્ટરની કમાણી પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. જેના લીધે નિફ્ટી 24550 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી વીકલી એકસપાયરીના પગલે શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું. ખાસ કરીને પ્રાઈવેટ બેન્ક, એફએમસીજી અને રિયલ્ટી શેરોમાં વેચાણો કપાયા હતા. જેમાં એફએમસીજી સેકટરમાં ચોથા કવાર્ટરના પરિણામો અપેક્ષા કરતા સારા જાહેર થવાની અસરથી નવી લેવાલીએ ઉછળ્યા હતા.

પ્રોવિઝનલ ડેટા અનુસાર માર્ચ 2026માં આઠ મુખ્ય ઉદ્યોગનો ઈન્ડેક્સ ગત વર્ષના સમાન ગાળાની સરખામણીએ 0.4 ટકાનો ઘટાડો નોંધાયો છે. ક્રુડ ઓઈલ, ખાતર, કોલસો અને વીજળી જેવા ક્ષેત્રોમાં ઉત્પાદનમાં ઘટાડો થયો હતો, જેના લીધે આ દેખાવમાં ઘટાડો થયો હતો.

સેકટર વાઇઝ જોઈએ તો એફએમસીજી, રિયલ્ટી અને પ્રાઈવેટ બેન્ક શેરોમાં તેજી જોવા મળી હતી. જ્યારે ફાર્મા અને કન્ઝયુમર ડયુરેબલ્સના શેરમાં ઘટાડો થયો હતો.

બીએસઈ સેન્સેક્સ 753.03 પોઈન્ટ એટલે કે 0.96 ટકા વધીને 79273.33 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 79367 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78522 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 211.75 પોઈન્ટ એટલે કે 0.87 ટકા વધીને 24550 પોઈન્ટની સપાટી કુદાવીને 24576.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24601 પોઈન્ટ સુધી વધી હતી. જ્યારે નીચામાં 24354 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 789.10 પોઈન્ટ એટલે કે 1.39 ટકા વધીને 57371.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ સેન્સેક્સ પીએનબી હાઉસીંગ ફાઈ. 23.65 ગણા, કજરીયા સીરામીક્સમાં 15.83 ગણા, વેલસ્પન કોર્પમાં 4.81 ગણા, બેન્ક ઓફ મહારાષ્ટ્રમાં 4.78 ગણા અને લેમન ટ્રીમાં 3.91 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે લેમન ટ્રી હોટલ્સમાં 22.82 ગણા, પીએનબી હાઉસીંગમાં 14.8 ગણા, રામકૃષ્ણ ફોર્જીંગ્સ 9.05 ગણા, ફાઈવ સ્ટાર બિઝનેસમાં 7.08 ગણા, વનસોર્સ સ્પેશ્યાલિટીમાં 6.02 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.55 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.71 ટકા વધ્યો હતો. માર્કેટ બ્રેડથ પોઝિટિવ જોવાયો હતો. બીએસઈ 2536 શેરો વધ્યા હતા, 1756 શેરો ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ અને ઈરાન વચ્ચે બે સપ્તાહના યુદ્ધ વિરામની સમાપ્તિ પહેલા રોકાણકારો વિકાસનો અંદાજ લગાવવા પર ફોકસ કર્યુ હતું, જેમાં યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા હતા. જ્યારે મીડલ ઈસ્ટનો તણાવનો ઉકેલ આવવાની આશાએ એશિયન બજારો પણ મજબૂત જોવાયા હતા.

ઓફર ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ દ્વારા પ્રકાશિત ડેટા અનુસાર, ફેબ્રુઆરીના અંત સુધીના ત્રણ મહિનાના સમયગાળામાં યુકેમાં બેકારી દર 4.9 ટકા ઘટી હતી, જે જાન્યુઆરી 2026માં 5.2 ટકા હતી. દરમ્યાન વેતન વૃદ્ધિ વર્ષ પર 3.6 ટકા વધી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.45 ટકા, કેક 0.37 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.01 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.88 ટકા, સ્ટ્રેઈટસ 0.22 ટકા, હેંગસેંગ 0.48 ટકા, તાઈવાન 1.72 ટકા, કોસ્પી 2.65 ટકા અને શાંઘાઈ 0.07 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.46 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં વધુ મજબૂતાઇ, યુરો 110ના સ્તરે

અમદાવાદ, તા. 21: ઇરાન-અમેરિકા ટેન્શનનો અંત આવી રહ્યો નહોવાથી ડોલરમાં મજબૂતાઇ આગળ વધી હતી. ગઇકાલે 93ને પાર નીકળી ગયા બાદ આજે ડોલરની સામે રૂપિયો વધુ 36 પૈસા તુટીને 93.49ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.13ના સ્તરે બંધ રહ્યો હતો. બીજી તરફ, યુરોમાં ઝડપી ઉછાળો આવ્યો હતો અને 100ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110, પાઉન્ડ 126.35, કેનેડિયન ડોલર 68.75, ઓસ્ટ્રેલિયન ડોલર 67.31, જાપાનીઝ યેન 0.5879 અને સીંગાપોર ડોલર 73.62ના સ્તરે બંધ રહ્યો હતો.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.49 રૂ. |
| યુરો | 110.00 રૂ. |
| પાઉન્ડ | 126.35 રૂ. |
| યેન | 0.5879 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 753.03 | 79273.33 |
| નિફ્ટી | 211.75 | 24576.60 |
| બેન્ક નિફ્ટી | 789.10 | 57371.45 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 7.27 | 1379.90 |
| એચયુએલ | 3.55 | 2310.70 |
| ટ્રેન્ટ | 3.48 | 4390.50 |
| ICICI બેન્ક | 2.37 | 1388.40 |
| બજાજ ફાઇનાન્સ | 2.30 | 938.85 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ લાઇફ | 3.58 | 1911.60 |
| બીઇએલ | 1.32 | 451.50 |
| જિયો ફાઇનાન્સીયલ | 1.01 | 234.75 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.97 | 1220.60 |
| ટાઇટન કંપની | 0.74 | 4479.70 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.55 | 4393.45 |
| એચયુએલ | 3.13 | 2305.40 |
| ICICI બેન્ક | 2.41 | 1388.65 |
| બજાજ ફાઇનાન્સ | 2.28 | 939.45 |
| એચડીએફસી બેન્ક | 2.04 | 811.65 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બીઇએલ | 1.33 | 451.55 |
| ટાઇટન કંપની | 0.88 | 4473.40 |
| રિલાયન્સ | 0.66 | 1353.65 |
| એનટીપીસી | 0.45 | 396.10 |
| ટેક મહિન્દ્રા | 0.25 | 1500.35 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૫૭૦ |
| તેજાબી સોનું | ૧૫૬૪૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૭૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૪૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૫૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૬૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૭૯૦૦ |

# ભારતનો આર્થિક પાયો મજબૂત, પણ ઊર્જાના વધતા ભાવ ચિંતાનો વિષય: IMF

**મીડલ** ઇસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ સાથે સંકળાયેલા જોખમો હજી પણ છે

**નવી દિલ્હી, તા. 21:** ભારતનો આર્થિક વિકાસનો દૃષ્ટિકોણ હજી પણ ખૂબ જ મજબૂત છે, પરંતુ જો વૈશ્વિક ઉર્જાના ભાવમાં લાંબા સમય સુધી વધારો ચાલુ રહે તો તે અર્થવ્યવસ્થા માટે ખતરો બની શકે છે, એમ આઈએમએફના એશિયા અને પેસિફિક ડિપાર્ટમેન્ટના ડિરેક્ટર કૃષ્ણા શ્રીનિવાસને ઉમેર્યુ હતું કે, અમે અમારા અંદાજમાં 0.1 ટકાનો નજીવો વધારો કર્યો છે.

જીડીપી વૃદ્ધિદરમાં સુધારો 2026ની શરૂઆતમાં મજબૂત આર્થિક ગતિ અને ટેરિફમાં ઘટાડાને કારણે કરવામાં આવ્યો છે. 2026માં પ્રવેશ કર્યો ત્યારથી અર્થતંત્રમાં સારી ગતિ આવી છે. ટેરિફ 50 ટકાથી ઘટાડીને 10 ટકા કરવામાં આવ્યા હતા, જેના કારણે આર્થિક પ્રવૃત્તિને વેગ મળ્યો હતો. આઈએમએફએ એમ પણ કહ્યું હતું કે ભારતને અગાઉ કરવામાં આવેલા ટેક્સ સુધારાઓથી ફાયદો થયો છે, જેણે સ્થાનિક માંગ સાથે વૃદ્ધિને ટેકો આપ્યો છે.

જોકે શ્રીનિવાસને ચેતવણી આપી હતી કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ સાથે સંકળાયેલા જોખમો હજુ પણ મોટા છે. તેમણે કહ્યું હતું કે, જો આ કટોકટી લાંબા સમય સુધી ચાલે અને માત્ર તેલ અને ગેસથી આગળ વધે તો તે ભારત માટે હાનિકારક બની શકે છે. એશિયાના અન્ય દેશોની જેમ ભારત પણ ઊર્જા માટે આયાત પર ભારે નિર્ભર છે. આવી સ્થિતિમાં, ક્રુડ ઓઈલ અને ગેસના વધતા ભાવો મોંઘવારી વધારી શકે છે અને બાહ્ય આર્થિક સંતુલનને ખલેલ પહોંચાડી શકે છે.

નીતિઓ અંગે આઈએમએફએ કહ્યું કે ભારતે અત્યાર સુધી સમજદાર રાજકોષીય નીતિ અપનાવી છે. શ્રીનિવાસને કહ્યું કે તેમણે તેમની નાણાકીય નીતિને ખૂબ જ સંતુલિત રાખી છે. વર્ષોથી, તેઓએ સારા બફર્સ બનાવ્યા છે અને જ્યારે જરૂર પડે ત્યારે સહાય પૂરી પાડવામાં સક્ષમ છે. તેમણે કહ્યું કે જો વૈશ્વિક પરિસ્થિતિ વધુ વણસશે તો આ બફર્સ ખૂબ જ ઉપયોગી થશે. જો પરિસ્થિતિ વધુ વણસશે તો તેની અસર ભારત સહિત તમામ દેશો પર પડશે.

આઈએમએફએ આ ક્ષેત્ર માટે તેની સામાન્ય સલાહને પુનરાવર્તિત કરતા કહ્યું હતું કે સરકારોએ બજારના સંકેતોને કામ કરવા દેવું જોઈએ, પરંતુ નબળા વર્ગોનું પણ રક્ષણ કરવું જોઈએ.

રેમિટન્સ પર આઈએમએફએ કહ્યું કે તે હજી પણ મજબૂત છે. શ્રીનિવાસને કહ્યું કે રેમિટન્સ સ્થિર અને મજબૂત રહ્યું છે, તેમણે ઉમેર્યું હતું કે ભારત અને એશિયાના અન્ય દેશોના મોટાભાગના કામદારો હજી પણ મીડલ ઈસ્ટમાં કામ કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે ત્યાં પુનર્નિર્માણનું કામ ભવિષ્યમાં રેમિટન્સને ટકાવી રાખવામાં મદદ કરી શકે છે. મને લાગે છે કે રેમિટન્સ મજબૂત રહેવાનું ચાલુ રાખી શકે છે.

# નેસલે ઈન્ડિયાનો દબદબો: માર્ચ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો 26% વધીને 1114 કરોડ

**નેસલેના** પરિણામની અસર સમગ્ર એફએમસીજી સેકટર પર જોવા મળશે

મુંબઈ, તા. 21: નેસલે ઈન્ડિયાના માર્ચ ક્વાર્ટરના જાહેર થયેલા પરિણામોમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 26 ટકા વધીને 1114.1 કરોડ રૂપિયા થયો છે. ચોથા ક્વાર્ટરમાં કંપનીનું પ્રદર્શન અપેક્ષા કરતા વધુ સારૂ રહ્યું હતું. વિશ્લેષકોએ કંપનીનો નફો 12.7 ટકા વધીને 998 કરોડ રૂપિયા થવાનો અંદાજ લગાવ્યો હતો, તેને વટાવી દીધો છે. નેસલે ઈન્ડિયાની કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે 22.6 ટકા વધીને 6747.8 કરોડ રૂપિયા થઈ છે. વિશ્લેષકોએ કંપનીની આવક 13.5 ટકા વધીને 6250 કરોડ રૂપિયા થવાનો અંદાજ લગાવ્યો હતો. કંપનીએ શેર દીઠ 5 રૂપિયાના ડિવિડન્ડની જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ કંપનીના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. વોલ્યુમમાં સારી વૃદ્ધિએ કંપનીના સ્ટેન્ડઅલોન પ્રોફિટમાં મોટી ભૂમિકા ભજવી હતી. વોલ્યુમની વૃદ્ધિ ડબલ ડિજિટમાં હતી. કંપનીનો એડવર્ટાઈઝિંગ પર ખર્ચ 50 ટકા વધુ હતો. કંપનીના ચેરમેન અને એમડી મનીષ તિવારીએ માર્ચ ક્વાર્ટરમાં કુલ વેચાણ અને સ્થાનિક વેચાણમાં અનુક્રમે 23.4 ટકા અને 23.1 ટકાનો વધારો થયો છે. સારી વાત એ છે કે તમામ ઉત્પાદનોએ કંપનીના ઉત્કૃષ્ટ પ્રદર્શનમાં ફાળો આપ્યો છે.